BRAMPTON **Service and Information Update**

# સીટી ઓફ બ્રેમ્પટનમાં COVID-19 સામે પ્રતિક્રિયા કરવામાં સપ્ટેમ્બર 7 સુધી તહેવારો અને આયોજનોનું રદ્દીકરણ લંબાવવામાં આવ્યું

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જુલાઇ 21, 2020) – ધી રોઝ સહિત, શહેરની સગવડો અને પરફોર્મિંગ આર્ટ્સ સેન્ટર્સમાં શહેરના બધાં તહેવારો, આયોજનો, કાર્યક્રમો અને સામુદાયિક આયોજનો માટેની પરવાનગીઓ સપ્ટેમ્બર 7, 2020 નાં રોજ લેબર ડે, સહિત, સુધી રદ કરવામાં આવી છે. લંબાવેલું રદ્દીકરણ બ્રેમ્પટન ઇમરજન્સી મેનેજમેન્ટ ઓફિસ, પીલ પબ્લિક હેલ્થના માર્ગદર્શન પ્રમાણે, અને પડોશની મ્યુનિસિપાલિટીસ સાથે અનુરૂપ થઇને કરવામાં આવ્યું છે.

આ રદ થયેલા આયોજનોના પ્રભાવો ઘટાડવા અને સંભવિત ભવિષ્યની તારીખો પીલ પબ્લિક હેલ્થ અનુસાર નિર્ધારિત કરવા, સીટી ઈવેન્ટ આયોજકો અને રેન્ટલ ક્લાયન્ટ્સ સાથે કામ કરવા કટિબદ્ધ છે. ઓન્ટેરિયો ગવર્મેન્ટ અને પીલ પબ્લિક હેલ્થ દ્વારા આગળ માર્ગદર્શન આપવામાં ના આવે ત્યાં સુધી વિશાળ મેદની એકઠી કરવા નવા કોઇ ઈવેન્ટનું બુકિંગ વિચારવામાં આવશે નહીં.

સીટી હૉલ અને સીટી ઓફ બ્રેમ્પટનની મોટાભાગની અન્ય સગવડો, જેમાં રિક્રિએશન અને કમ્યુનિટી સેન્ટર્સ અને લાઇબ્રેરીની શાખાઓ સામેલ છે, આગળ સૂચના આપવામાં ના આવે ત્યાં સુધી બંધ રહેશે જેથી COVID-19 નો ફેલાવો રોકવામાં મદદ મળી શકે.

COVID-19 સામે પ્રતિક્રિયા કરવામાં સીટી ઓફ બ્રેમ્પટનની અદ્યતન માહિતી માટે વેબસાઈટ જુઓ, www.brampton.ca/COVID19.

-30-

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રેમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca